FILE NO : COS/MIS/e-file/276/2025/0527/SECONDARY

કમિશનર શાળાઓની કચેરી,
બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
સેક્ટર ૧૯, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તમામ,
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, તમામ.

વિષય : તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે થયેલ ઠરાવમાં ટેકનીકલ કારણોસર કેટલાક કર્મચારીઓ બાકાત રહેવા અંગેની રજુઆત બાબત.

સંદર્ભ : ૧) અત્રેની કચેરીનો પત્રાંક : COS/0072/06/2025, તા.૧૦/૦૬/૨૦૨૫
૨) શિક્ષણવિભાગ, ગાંધીનગરનો પત્રાંક : ED/0376/07/2025, તા.૧૧/૦૭/૨૦૨૫

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાનાં કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા માટે થયેલ ઠરાવમાં ટેકનીકલ કારણોસર કેટલાક કર્મચારીઓ બાકાત રહેવા અંગેની વિવિધ કર્મચારી મંડળો તથા અરજદારોની રજુઆતો સંદર્ભે જે જગ્યાઓની ભરતીની જાહેરાત તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલાં આવેલ હોય પરંતુ ભરતી અંગેનું પરિણામ તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ જાહેર થયેલ હોવાથી તેઓની નિમણૂંક તા.૦૧/૦૪/૨૦૦૫ બાદ થયેલ છે તેવા બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કુલ ૭૮૬ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે શિક્ષણવિભાગ, ગાંધીનગરને અત્રેથી સંદર્ભ-(૧) થી દરખાસ્ત કરેલ હતી. જે દરખાસ્તના અનુસંધાને શિક્ષણવિભાગ, ગાંધીનગર દ્વારા સંદર્ભ-(૨) થી જણાવેલ છે કે, દરખાસ્ત હેઠળના રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં કુલ - ૭૮૬ કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહી. આ માર્ગદર્શન સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૭/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ અભિપ્રાય અન્વયે આપવામાં આવે છે. જે બાબતે આપની કક્ષાએથી આપના જિલ્લાના સંબંધિતોને જાણ કરવા આથી જણાવવમાં આવે છે.

બિડાણ : ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

Signature Not Verified
Signed by: Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date: 2025.07.21 15:22:04

File No: COS/MIS/e-file/276/2025/0527/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*